# દહેગામ-અમદાવાદ રોડ પર રીક્ષા-ડમ્પર ટ્રક વચ્ચે અકસ્માત : ૪ના મોત




(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

દહેગામ, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાનાં દહેગામ - અમદાવાદ રોડ પર આજે બપોરે એક રીક્ષા અને ડમ્પર ટ્રક વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં રીક્ષાચાલક સહિત કુલ ચાર વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત થયા હતાં. જ્યારે એક નવ વર્ષની બાળકીને ગંભીર ઈજાો થવા પામી હતી.

દહેગામ - અમદાવાદ રોડ પર વડોદરાના પાટિયા નજીક કારગીલ પેટ્રોલ પંપ પાસે આજે બપોરના સાડા ચારેક વાગ્યાના સુમારે સી.એન.જી. રીક્ષા અને ડમ્પર ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત થતાં રીક્ષા ડમ્પરના ટાયરમાં ઘુસી જતાં રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં બેસેલા ચાલક સહિત કુલ ચાર શખ્સોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં. જ્યારે નવ વર્ષની બાળાને ગંભીર ઈજાો પહોંચી હતી.

દહેગામ અમદાવાદ રોડ પર સર્જાયેલ અકસ્માત બાદ રાહદારીથી ટ્રાફીક જામ થઈ ગયો હતો અને અકસ્માતની જાણ ઈમરજન્સી વાન ૧૦૮ને કરવામાં આવતાં વાન ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્ત બાળકીને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યારે પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. ચારેય મૃતદેહોને દહેગામના સરકારી દવાખાને મોકલી આપ્યા હતા.

### મુખ્યમંત્રીનો સ્વાગત ઓન લાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ

# સામાન્ય નાગરિકોની રજૂઆતોનું સંતોષજનક ન્યાયી નિરાકરણ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરમાં સ્વાગત ઓનલાઈન જનફરિયાદ



નિવારણ કક્ષમાં સામાન્ય નાગરિકોની રજૂઆતોને સાંભળીને જિલ્લાતંત્રોને તેમને વાજબી ન્યાય મળે અને તેમની રજૂઆતોનો સંતોષકારક ઉકેલ લાવવા દિશા નિર્દેશો આપ્યા હતા.

સ્વાગત ઓનલાઈનમાં સામાન્ય નાગરિકો તરફથી થતી રજૂઆતો અંગે તાલુકા અને જિલ્લા તંત્રના અધિકારીઓ અને સંબંધિત સચિવ કક્ષાના રાજ્યસ્તરના અધિકારીઓની ઉપસ્થિતિમાં દર મહિનાના ચોથા ગુરૂવારે મુખ્યમંત્રીશ્રી જનફરિયાદો સંદર્ભમાં ઉકેલ લાવે છે. આ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૨.૫૦ લાખ જેટલી જનફરિયાદો અને રજૂઆતો મુખ્યમંત્રીશ્રીના સ્વાગત ઓનલાઈનમાં મળેલી હતી અને ૯૧ ટકાથી વધારે નિરાકરણ સ્થળ ઉપર અરજદારોની હાજરીમાં લાવવામાં આવ્યું છે.

સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ ઉત્તમ જાહેર સેવા માટે અને જનફરિયાદોના ઉકેલ માટે અત્યંત ફળદાયી બની રહ્યો છે અને સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા તેને પબ્લીક સર્વિસ એવોર્ડ મળેલો છે. આ કાર્યક્રમ હવે ૨૬ જિલ્લાકક્ષાએ, ૨૨૫ તાલુકા કક્ષાએ અને ૧૮૦૦૦ ગ્રામકક્ષાએ પણ જી-સ્વાન નેટવર્ક દ્વારા



કાર્યરત થયેલો છે.

આજે યોજાયેલા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં અધિક અગ્ર સચિવશ્રી જી. સી. મુર્મુ સહિત મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કક્ષના અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

# નિવૃત્તિના દિવસે કર્મચારીને તમામ આર્થિક લાભો ચેકથી ચૂકવી દેવાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજય સરકાર તેના અધિકારી કર્મચારીને નિવૃત્તિના સમયે નાણાંકીય લાભો ચૂકવી આપે તેવી એક સિસ્ટમ ગોઠવી રહી છે. જેનો પ્રથમ પ્રયોગ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે કર્યો છે. સામાન્ય સંજોગોમાં અધિકારી કર્મચારી નિવૃત્ત થાય ત્યારે તેને પેન્શન બાંધી પીએફ અને ગ્રેજયુઈટીની રકમો ચૂકવવા જેવા લાભો નિવૃત્તિ પછી ૧૫ દિવસ કે મહિને મળતા હોય છે. ઘણા કિસ્સામાં ૬ મહિના સુધીનો સમય નિકળી જતો હોય છે. તેથી તેના પરિવારને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

રાજય સરકારે જારી કરેલા આદેશ પ્રમાણે અધિકારી કે કર્મચારીને નિવૃત્તિના દિવસે જ આ લાભો મળી જાય તે જોવા વિભાગોને તાકીદ કરવામાં આવી છે. રાજયના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના બે સેકશન અધિકારી અને એક નાયબ સેકશન અધિકારી ૩૦મી જૂને વય નિવૃત્ત થઈ રહ્યા છે. ત્યારે તેમને તે જ દિવસે આ વિભાગના મંત્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે નિવૃત્તિના મળનારા તમામ લાભોનો ચેક આપવામાં આવશે.

આ ત્રણેય કર્મચારીઓને વય નિવૃત્તિના દિવસે પીએફ અને ગ્રેજયુઈટીના લાભો મળી જતાં તેને નાણા વિભાગ કે સંબંધિત વિભાગોમાં ધક્કા ખાવાના રહેશે નહિ આ લાભ મળ્યા પછી જે તે કર્મચારીને નિયમ પ્રમાણે પેન્શનનું બાંધણું પણ કરી આપવામાં આવશે જો કે તેના માટે ડોકયુમેન્ટ કર્મચારીએ આપવાના રહેશે. તમામ ચૂકવણું ચેકથી કરવાનું સરકારે નક્કી કર્યું છે.

# પાલનપુરના આંબેથા ગામ પાસે માતાએ માસુમ પુત્રી સાથે અગ્નિ સ્નાન કરતા બંનેના મોત

પાલનપુર, તા. ૨૮

પાલનપુર પાસેના આંબેથા ગામે આજે ૩૦ વર્ષીય પરણિતાએ પોતાની ત્રણ વર્ષની માસુમ બાળકી સાથે અગનપછેડી ઓઢી લેતા પંથકમાં ચકચાર સાથે ભારે ગમગીનીનો માહોલ સર્જાયો હતો.

આ અરેરાટીભરી ઘટનાની વિગત મુજબ પાલનપુર પાસેના આંબેથા ગામે રહેતા હરેશભાઈ પુરબીયાની પત્નિ શાન્તાબેન તેની વ્હાલી માસુમ બાળકી કોમલ સાથે પોતાના મકાનમાં કોઈ અગમ્ય કારણોસર શરીર પર કેરોસીન છાંટી ભડભડ સળગી ઉઠતા માતા પુત્રી અગનજ્વાળામાં લપેટાયા હતા જ્યાં શાન્તાબેનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે માસુમ બાળકી કોમલને સારવાર અર્થે સિવિલમાં ખસેડાઈ હતી જ્યાં સારવાર દરમિયાન બાળકીનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પંથકમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. આ બાબતે ગામમાં તર્કવિતર્ક વ્હેતા થયા છે, આ અંગે મૃતક શાન્તાબેનના પતિ હરેશભાઈએ જણાવ્યું હતું કે હું રીક્ષા ચલાવી ગુજરાન ચલાવુંછું. હું પાલનપુર ખાતે રીક્ષા લઈને ગયેલ દરમિયાન આ સમાચાર મળેલ મને સમજાતુ નથી મારી પત્નિએ કેમ આવું કર્યું.

# ગુજરાત પશુપાલન ખાતાના વર્ગ-૩ના કર્મચારીઓના મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત પશુપાલન ખાતાના વર્ગ-૩ના કર્મચારીઓનું મંડળ ગાંધીનગરની વર્ષ ૨૦૧૨-૧૩ની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં કૃષિ ભવન સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ખાતે મળી હતી. વાર્ષિક સાધારણ સભામાં મંડળના પ્રમુખથી માંડીને સર્વે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તથા મંડળના આજીવન સભાસદોના બાળકોને વર્ષ ૨૦૧૦-૧૧ શૈક્ષણિક પુરસ્કાર રૂપે શૈક્ષણિક કીટ અને સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

મંડળના પ્રમુખ તરીકે કે.સી. પટેલ, ઉપપ્રમુખ તરીકે એન.એલ. મંડીર, મહામંત્રી તરીકે ડી.એમ. પ્રજાપતિ, સહમંત્રી તરીકે એમ.ડી. તેરવાડીયા, ખજાનચી તરીકે એચ.બી. પટેલ, કારોબારી સભ્યો તરીકે પી.કે. ઠાકોર, જે.પી. ઓઝા, ડી.એસ. ગોસ્વામી, આર.આર. દિક્ષિત, બી.આઈ. પરમાર, કે.પી. જાડેજાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ સાથે ૨૬ જિલ્લાના જિલ્લા પ્રમુખની પણ વરણી કરવામાંઆવી હતી. મંડળના સલાહકાર તરીકે વી.એસ. રોજાસરા, બી.એન. કોટક, પી.એચ. રાજપૂત, કે.વી. શાહ, એમ.જી. સોની અને ટી.આર. નિરંજનીની વરણી કરવામાં આવી હતી.

મંડળની વાર્ષિક સામાન્ય સભામાં કૃષિ અને સહકાર વિભાગના ઉપસચિવ હસમુખભાઈ પ્રજાપતિ, પશુપાલન નિયામક ડૉ. એ.જે. કાછીયા પટેલ, ગુજરાત વેટરનરી એસોસિએશનના પ્રમુખ ડૉ. બી.કે. પટેલ, મહામંત્રી ડૉ. જે.વી. નાડોદા, કે.બી. પ્રજાપતિ ખાસ હાજર રહ્યા હતા. સભાનું સંચાલન મંડળના મહામંત્રી ડી.એમ. પ્રજાપતિએ અને આભારવિધિ પી.કે. ઠાકોરે કરી હતી.

## રાજીનામાની અટકળ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**


દઈ કલોલની બેઠક પર પોતાનો દાવો રજુ કર્યો હોવાની વાતો પણ કોંગ્રેસના કાર્યકરો કરી રહ્યા છે.

જિલ્લાના આ બંને કોંગી આગેવાનોના હોદ્દા પરથી રાજીનામાની વાતને લઈ પ્રદેશ સમિતિનો સંપર્ક કરતાં પ્રદેશ નેતાગીરી પણ મૌન ધારણ કરી બેઠી છે. જો કે આવી કોઈ વાત છે નહિ એવો જવાબ નેતાઓ આપી રહ્યા છે.

જિલ્લાના સંગઠનમાં ડૉ. ચાવડાએ હોદ્દાનો ચાર્જ સંભાળ્યા બાદ જે રીતે પુનઃરચના કરી છે તેમજ જે રીતે કાર્યપધ્ધતિ અપનાવી છે તેને લઈ પણ કેટલાક કાર્યકરોમાં નારાજગી જરૂર પ્રવર્તે છે પરંતુ તેઓ એક વાતનો એકરાર કરે છે કે ડૉ. ચાવડા સક્ષમ છે અને તેમના માટેની તકો પણ સારી છે.

જો કે હાલ કોંગ્રેસ પક્ષમાં વિધાનસભાની ચૂંટણીને લઈ કોઈ સત્તાવાર રીતે વાત કરવા તૈયાર નથી. પ્રદેશથી લઈ જિલ્લા સ્તર સુધી માત્રને માત્ર એક જ વાત કરવામાં આવે છે કે અમે આ વખતે જીતી શકે તેવા ને જ તક આપીશું. ગાંધીનગર એ જ અમારૂ લક્ષ્ય છે.

## શબ્દાવલી - ૪૭૭૨



**આડી ચાવી**

૧. દિગ્મૂઢ, આશ્ચર્ય ચક્તિ (૩)
૪. વિનંતી, આજીજી (૪)
૬. હેરાનગતિ (૫)
૭. થોડુક, જરાક (૩)
૮. લોખંડ, લોઢુ (૨)
૯. ચા ગાળવા... જોઈએ (૩)
૧૧. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ ઘણા દેવીને પ્રસન્ન કરવા... ચડાવે છે (૨)
૧૫. કવિતા રચનારી મહિલા (૪)
૧૮. ખુવારી, બદબાદી (૩)
૧૯. વરણાગીયો, સંસારમં આસક્તિવાળો (૩)
૨૦. લજાણમી, લાજવંતી (૫)

**ઊભી ચાવી**

૧. બુધ્ધિ (૩)
૨. વ્યંજન, ખાદ્ય સામગ્રી (૩)
૩. 'રડકણું' શબ્દ આડોઅવળો (૪)
૪. વૈરાગ્ય, આસક્તિ વિનાનું (૪)
૫. વગોવવું તે, ... કરવી (૪)
૧૦. ફરતા રામ, નિશ્ચિંત (૫)
૧૧. બકવાટ, લખારો (૪)
૧૨. શરીરનો એક અંદરનો હિસ્સો (૩)
૧૪. ઝઘડો, કંકાસ (૩)
૧૭. ગુજરાતી ફિલ્મની એક પ્રસિધ્ધ અભિનેત્રી (૩)

### શબ્દાવલી ૪૭૭૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) કરકસર (૪) ભદ્ર (૫) હથિયાર (૭) શાલીગ્રામ (૧૦) દમામ (૧૨) કમોત (૧૨) રજ (૧૫) પગ (૧૭) ચિરાગ (૧૯) ગરમર (૨૦) અથાગ (૨૧) પડોશી (૨૨) રડીતુમ

**ઊભી ચાવી :-** (૧) કર્કશા (૨) સહમત (૩) રથિ (૪) ભરમાર (૬) યાદ (૮) લીક (૯) ગ્રામોદ્યોગ (૧૧) મજધાર (૧૪) કુચિ (૧૫) પગથાર (૧૬) ગરગડી (૧૮) રાફડો

### શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવ મંદિર, સે.૧૬માં બિલીપત્ર ચઢાવવાનું આયોજન

ભગવાન શિવનો મહિમાગાન કરતો મહિનો એટલે પવિત્ર શ્રાવણ માસ. આ માસમાં દરેક વર્ગના લોકો ભોળાનાથને રિઝવવા ઉપવાસ અને બિલીપત્રો ચઢાવવા પ્રયત્નશીલ હોય છે ત્યારે ગાંધીનગરના સેક્ટર-૧૬માં આવેલા સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણમાસ દરમિયાન ભક્તજનો દ્વારા બિલીપત્ર ચઢાવવાનું આયોજન કરવામાં આવશે. ભગવાન સોમનાથ મહાદેવનો પાવન મહિનો શ્રાવણ માસ આગામી તા. ૨૦મી જુલાઈને શુક્રવારથી શરૂ થાય છે. ને ૧૭મી ઓગષ્ટને શુક્રવારે સંપન્ન થશે. આ પવિત્ર દિવસો દરમિયાન રોજે-રોજ શિવભક્તો પોતે નિયત કરે એટલી સંખ્યામાં દાદાને બિલીપત્રો ચઢાવવાનું આયોજન કરવામાં આવ્યુંછે. આ માટે સોમનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૧૬, વિદ્યાલયબ્રેરી પાસે મહારાજનો સંપર્ક કરવા સોમનાથ મહાદેવ મંદિર સમિતિ તરફથી જણાવવામાં આવ્યું છે. આ અંગેની વિગતો મો. નં. ૯૯૦૯૯ ૮૫૯૯૮ પર સંપર્ક કરવો.

## નોટીસો અપાઈ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પગલાંઓ ભરવામાં નહિ આવ્યાનું જણાતાં હવે તંત્રએ નોટીસો આપવાનો નિર્ણય કર્યો છે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં આ વખતે દર વર્ષ કરતાં મેલેરિયાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં જે રીતે ભેજનું પ્રમાણ જોવા મળી રહ્યું છે તે મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ કહી શકાય.

બીજી તરફ આજે શહેરમાંથી મેલેરિયાના વધુ બે કેસ પોઝીટીવ મળી આવ્યાનું પણ જાણવા મળેલ છે. જે ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણીમાં

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

નમૂના-એ માં અરજી કરવાની રહેશે અને પરવાનગી મળ્યે તે પાર્લામેન્ટમાં મત આપી શકશે.

એવી જ રીતે મતદાનના દિવસે રાજ્યના કોઈ ધારાસભ્ય અન્ય રાજ્યના પ્રવાસે હોય, અથવા કોઈ કામે બીજા રાજ્યમાં ગયા હોય તો તેઓએ નમૂના-બી પ્રમાણે અરજી કરવાની રહેશે. આ અરજી માન્ય થયા પછી તે અન્ય રાજ્યની વિધાનસભામાં મત આપી શકશે.

નિયમ એવો છે કે ગુજરાતના ધારાસભ્યો ગુજરાત વિધાનસભામાં અને લોકસભા તેમજ રાજ્યસભાના સંસદસભ્યો નવી દિલ્હીમાં પાર્લામેન્ટમાં તેમનો મત આપશે. અનિવાર્ય સંજોગોમાં ધારાસભ્યો માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેની જાણ રાજ્યના તમામ સભ્યોને કરી દેવાઈ છે.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મુખ્ય બે ઉમેદવારો છે. કોંગ્રેસના સિનિયર નેતા પ્રવણ મુકરજીએ યુપીએ તરફથી ઉમેદવારી કરી છે, જ્યારે પી.એ.સંગમા એ ભાજપ પ્રેરિત એનડીએ તરફથી જાહેર કરેલા ઉમેદવાર છે. આ બન્ને ઉમેદવારોએ તેમના ફોર્મ ભરી દીધાં છે. મતદાનનો સમય સવારે ૧૦ થી સાંજના ૦૫ વાગ્યા સુધીનો નક્કી કરવામાં આવ્યો છે.

## સમાચાર ઝલક

- અમદાવાદમાં ટેક્ષટાઇલ મિલ કામદારોની હડતાળ ગંભીર બની.
- મયુરનો હજુ સુધી કોઇ પત્તો નથી, નરોડામાં લોકોમાં તીવ્ર રોષ.
- ભાભર પંથકમાં અકસ્માતના ત્રણ રૂા. ૫૦૦/- ની લાંચ લેતાં રંગેહાથે ઝડપાયા.
- તા. ૩૧મી ઓગસ્ટથી રજીસ્ટર સ્ટેમ્પ, દરમિયાન ન્યૂજર્સીમાં 'ચાલો ગુજરાત વર્લ્ડ ગુજરાતી કોન્ફરન્સ', ૪૫,૦૦૦ ગુજરાતી એકત્ર થશે.
- પોલીસ વાહનોના ડાર્ક કામ દૂર કરાવવા માટે પોલીસ વડાનો આદેશ, લોકોમાં દાખલો બેસાડવા નવતર પ્રયોગ.
- ફિલ્મ ટી.વી. - કલાકારો, કથાકારો, પંડિતો પણ સર્વિસટેક્સની જાળમાં.
- મુલાયમના પક્ષે યુ.પી.એ ને આપેલ ટેકાની કિંમત ૯૦ હજાર કરોડ માગ્યા હોવાની ચર્ચા.
- સુનીતા વિલિયમ ગુજરાતની બાળખીને દત્તક લેશે, ૧૪મી જુલાઇથી ૬ માસ માટે કઝાકિસ્તાનથી ઉડાન કરશે.
- શ્રી નરેન્દ્રભાઇ મોદીનું મીણનું પુતળું બનશે, ચીનમાં બનશે, ન્યુજર્સીમાં જશે.
- ભાવનગરમાં સદ્‌વિચાર સમિતિના મકાનને સીલ મારવામાં આવ્યું, કોર્ટે આપેલો સ્ટેશ.
- ગુજરાતમાં મેડિકલમાં ૪૦૦ બેઠકો વધવાની શક્યતા.
- ગોંડલમાં લગ્નના દિવસે જ વરરાજાનું ઝાડા-ઉલ્ટીથી મોત, કરૂણ દ્દશ્યો સર્જાયા.
- કરીના કપૂર, પટૌડી ખાનદાનની પરંપરા મુજબ શાદીમાં 'સરારા' પહેરશે, શર્મીલા ટાગોરે ૧૯૬૯માં જે પોશાક પહેરલ હતો તે કરીના પહેરશે.
- સિંધી સમાજના ત્રણ સંતાનો અજમેરમાં અકસ્માતમાં મોત, આઘાતથી સાધ્વીજીનો આપઘાતનો ગોધરામાં પ્રયાસ.

# અમદાવાદના પ્રસિધ્ધ શેફ પ્રણવ જોશી ફૂડ ફૂડના નવા રસોઈ શોનું સંચાલન કરશે

અમદાવાદ, તા. ૨૮

ભારતની સ્વાદિષ્ટ વાનગીઓની ફૂડલાઈફ સ્ટાઈલ ચેનલ ફૂડ ફૂડ દ્વારા ગુજરાતના પ્રથમ સેલિબ્રીટી શેફ અને અમદાવાદમાં શ્રેષ્ઠ વાનગીઓ માટે જાણીતા શેફ પ્રણવ જોશીની ૨ જુલાઈની દર સોમવારે બપોરે ૩.૩૦ કલાકે તેમના નવા શો 'બજેટ કીચન'ના સંચાલન માટે પસંદગી કરવામાં આવી છે.

બજેટ કીચન એ પરિવારને પોતાના બજેટમાં શ્રેષ્ઠ વાનગીઓ બનાવવા માટેના ઉપાયો દર્શાવતો શો છે. પ્રથમ એપિસોડમાં પ્રણવ જોશી આ શો માટે પોતાના સ્કૂટર ઉપર વિવિધ સામગ્રીની ખરીદી કરશે અને દરેક એપિસોડમાં ત્રણ વાનગીઓ રજૂ કરવામાં આવશે. આ શોની વિશેષતા એ છે કે તેમાં બહુ મોંઘી નહીં છતાં સ્વાદિષ્ટ અને ભૂખ ઉઘાડે તેવી વાનગીઓ પરિવારના માસિક બજેટમાં સમાવી શકાય તે પ્રકારે રજૂ થશે.

ફૂડ ફૂડ ચેનલના પ્રમોટર શ્રી સંજીવ કપૂર જણાવે છે કે 'દુનિયાભરમાં ભારતિયો તેમના ભોજનના શોખ માટે જાણીતા છે. દરેક ભારતીય પરિવારની રોજબરોજની ચિંતા કરતો આ રસોઈ શો રજૂ કરતાં મને રોમાંચ થઈ રહ્યો છે. આ શો રસોડામાં તૈયાર થતી વાનગીઓ રેસ્ટોરન્ટની મોંઘી વાનગીઓનો વિકલ્પ બની શકે તેવી ઘણી વાનગીઓ રજૂ કરે છે. આ શો ખિસ્સાંને પોસાય તેવી પધ્ધતિઓથી સારી વાનગીઓ કઈ રીતે બનાવવી તે શિખવે છે.

આથી તમને જો ભોજન બનાવવામાં થતા ખર્ચની ચિંતા હોય અને ઓછા ખર્ચે થઈ શકે તેવી રેસિપીની શોધમાં હો તો દર સોમવારે બપોરે ૩.૩૦ કલાકે ફૂડ ફૂડ ઉપર શેફ પ્રણવ જોશીનો શો અવશ્ય જુઓ.

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

કલર કોડ અપાશે તેમજ તેના પર સૌ કોઈ વાંચી શકે તે રીતે નંબરો અપાશે એટલુ જ નહિ આ કન્ટેઈનરો પર સ્વચ્છતાનું મહત્વ સમજાવતા સૂત્રો પણ લખવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટેના ટેન્ડરો ટુંકમાં જ જારી કરવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે મોબાઈલ કોર્ટ પણ શરૂ કરવા અંગેની દરખાસ્તને આજે બહાલી આપવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે જે નવા સાધનો ખરીદવામાં આવનાર છે તેમાં ડમ્પર પ્રેશર, મીની ટેમ્પો, મૃત પ્રાણીઓના નિકાલ માટે વાન, હોટેલ વેસ્ટ કલેકશન વાન, ગાર્ડન વેસ્ટ કલેક્શન મશીન, માંદા-બિમાર પશુધન માટે પીક અપવાનું સહિતના સાધનોનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે ચોમાસાની સિઝનને ધ્યાને રાખી ૧૦૦ કર્મચારીઓની સંખ્યા આઉટ સોર્સીંગ એજન્સીઓ વધારે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આજની બેઠકમાં કેટલાક સભ્યોએ ગાંધીનગરમાં રહેતા હોય અને સફાઈની કામગીરી કરતા હોય તેમનો સમાવેશ કરવો જોઈએ તેવી રજૂઆતો કરી હતી અને આવી રજૂઆતોને અગ્રતા અપાશે એવી ખાત્રી પણ બેઠકમાં આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું હતું કે આજની આ બેઠકમાં ડોર ટુ ડોર કલેકશન પ્રોજેક્ટ વિશે પણ ચર્ચાઓ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટના અમલીકરણનો આ હિસ્સો છે એટલે પહેલાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કર્યા બાદ તેના અમલીકરણમાં આગળ વધવામાં આવશે.